# પોવેલની મોદી સાથે બેઠકઃ અમેરિકાનું આંતરિક સુધારાત્મક પગલું

- અરુણ જેટલી

વિરોધ પક્ષના નેતા ( રાજ્ય સભા )

અમેરિકાના રાજદૂત શ્રી નેન્સી પોવેલ ગુજરાતના મુખ્ય પ્રધાનશ્રી નરેન્દ્ર મોદી મળ્યા. ગુજરાતના મુખ્ય પ્રધાન સાથે સંપર્ક ફરી શરૂ કરવા માટે અમેરિકાના વહિવટીતંત્ર દ્વારા લેવાયેલો નિર્ણય ભારતમાં બદલાતી જતી સ્થાનિક પરિસ્થિતિના મૂલ્યાંકન પર આધારિત હોય તેમ લાગે છે. હું તે બાબતને અમેરિકાનું આંતરિક સુધારાત્મક પગલા તરીકે ગણાવું છું. ભારતમાં એક ચૂંટાયેલા પ્રતિનિધિ સાથે સંપર્ક ન રાખવાના અગાઉ નિર્ણય બાબતનો કોઈ સબળ પુરાવો અથવા કોર્ટ ચૂકાદા પર આધારિત ન હોય તેવું લાગે છે. તે ફક્ત મીડિયાના અતિશય પ્રચાર પર આધારિત અને તેના સિવાય અમુક એનજીઓ દ્વારા કરાયેલા પ્રચાર પર આધારિત નિર્ણય હતો.

ભાજપ માટે આવી બેઠકો નિયમિત રાજદ્વારી વ્યૂહનો એક ભાગ છે. ગુજરાતના મુખ્ય પ્રધાન નિ:શંકપણે વર્ષ 2014 ની સામાન્ય ચૂંટણીઓમાં મુખ્ય હરીફ છે. તેમણે ગુજરાત રાજ્ય વિધાનસભા ચૂંટણી ત્રણ વખત જીતી છે. આ અગાઉ તેમની સાથે વ્યવહાર નહિ રાખવાનો કેટલાક દેશોનો નિર્ણય ભારતની વિદેશી નીતિની નિષ્ફળતા હતી. તે બાબત ભારતમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથેના વ્યવહાર બાબતે અન્ય દેશની પ્રતિભાવ અથવા તો પ્રતિક્રિયા હતી, નહિ કે એક રાજકીય પક્ષ કે રાજય સરકાર માટે. તે પ્રતિક્રિયા માટે વિદેશ મંત્રાલય માટેની હતી. શું યુપીએ સરકાર વિદેશ મંત્રાલયમાં આ બાબતમાં નિષ્ફળ ગઈ? ખરેખર એવું જ બન્યું હતું.

આ બેઠક માટે વિદેશ પ્રધાન શ્રી સલમાન ખુર્શીદની પ્રતિક્રિયા સ્વાભાવિક છે . કોંગ્રેસ પક્ષ ઘણો હતાશ થઈ ગયો હોય એમ જણાય છે. તેઓ માટે ભાવિ પરિસ્થિતિ ખૂબ જ સ્પષ્ટ છે. ચૂંટણીમાં પરાજયની પછડાટ તેઓ માટે નક્કી જણાય છે. તેઓના મતોનો આધાર અદૃશ્ય થઈ ગયો છે. છતાં તેના નેતાઓનો ઘમંડ હજુપણ યથાવત્ છે. તે ઘમંડ છેલ્લી કેટલીક

પ્રતિક્રિયામાં જોવા મળે છે. ભારતમાં એક ચૂંટાયેલા પ્રતિનિધિનું ગૌરવ સુરક્ષિત રહ્યું છે છતાં રાજદુત ગુજરાતના મુખ્ય પ્રધાનને મળ્યા તે બાબતે વિદેશ પ્રધાન દુઃખી દેખાય છે.

ભારત-અમેરિકા સંબંધો ભારતની વિદેશ નીતિમાં મહત્વપૂર્ણ આધારસ્તંભ છે. શ્રી અટલ બિહારી વાજપેયીની આગેવાની હેઠળની એનડીએ સરકારે આ સંબંધ મજબૂત બનાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. બધા પક્ષો સંયમ અને મુત્સદ્દીગીરી દર્શાવે તો સમસ્યાઓ દૂર કરવામાં મદદ મળી શકે છે. સંબંધ માં સંતુલન ખોરવાઇ જાય એમાં અતિશયોક્તિ કરી શકાતી નથી.